ગાંધીનગર સમાચાર
તા. ૭-૬-૨૦૧૪, શનિવાર

તંત્રી સ્થાનેથી....

સોળમી લોકસભાનાં સ્પીકર પણ મહિલા

પંદરમી લોકસભાનાં સ્પીકર મીરા કુમાર એમના પ્રતાપી પિતા બાબુ જગજીવનરામની પરંપરાગત બેઠક પરથી ચૂંટાયા કરતાં હતા. આ વખતે મોદી વાવાઝોડામાં અનેક ધુરંધર નેતાઓની જેમ મીરાકુમાર પણ હારી ગયાં છે. પરંતુ આપણા દેશની મહિલાઓ એ મુદ્દે આશ્વાસ્ત રહી શકશે કે નવી લોકસભાના અધ્યક્ષપદે પણ એક મહિલા જ બિરાજી રહ્યાં છે. ઇંદોરનાં લોકપ્રિય સાંસદ અને અટલ બિહારી વાજપેયીની સરકારનાં રાજય કક્ષાનાં મંત્રી રહી ચૂકેલાં સુમિત્રા મહાજન ભાજપનાં વર્તુળોમાં અને ઇંદોર મત વિસ્તારમાં 'તાઇ' તરીકે ઓળખાય છે. સૌમ્ય વ્યક્તિત્વનાં મિતભાષી મહિલા સાંસદે સતત આઠ વાર એમના શહેરી મતવિસ્તારમાંથી ભારે બહુમતી સાથે વિજેતા બની પાર્ટીમાં આગવું સ્થાન અને માન હાંસલ કર્યું છે. જયારે લોકસભામાં ભાજપ અને સાથી પક્ષો પાસે જંગી બહુમતી છે ત્યારે સુમિત્રા મહાજનને સ્પીકર તરીકે ચૂંટાવામાં લેશ પણ તકલીફ પડવાની નથી, એની પ્રતીતિ તો એમના નામાંકન સમયે જ થઇ જવા પામી હતી. પાર્ટી અને એનડીએનાં એક માત્ર તથાકથિત ત્રીજા મોરચામાંથી કોઇને 'ટોકન ફાઇટ' આપવાની પણ હિંમત દાખવી નથી તે જ શું સૂચક નથી? સુમિત્રા મહાજનની પસંદગી પાછળ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું લાંબુ ગણિત છે. સ્પીકર પાસે બીજી સત્તા ભલે ન હોય પરંતુ સદન પૂરતાં એ સર્વેસર્વા હોય છે. તેથી કોઇ વરિષ્ઠ વિદ્વજ્જન કે મોવડીમંડળના સદસ્યને આ સીટ પર બેસાડવામાં જોખમ રહેતું હોય છે. ભારતની લોકસભાએ પુરૂષોત્તમ ગણેશ માવળંકરથી લઇ સોમનાથ ચેટરજી જેવા પ્રતિભાશાળી સ્પીકરો જોયા છે, તો વળી પીએ સંગમા જેવા પૂર્વોત્તરના પ્રતિનિધિ કે જીએમ બાલયોગી જેવા દક્ષિણના નેતાને પણ આ પદ સાંપડ્યું છે. કોંગ્રેસના ધુરંધર કિસાન નેતા બલરામ જાખડ અને શિવસેનાના મનોહર જોશી પ્રતિભાશાળી સ્પીકરો હતા. મીરા કુમારનો મીઠો અવાજ લોકસભાની સ્મૃતિમંજૂષામાં ગૂંજતો રહેશે. મહિલાઓ કદાચ અપવાદરૂપ કિસ્સામાં જ ઇન્દિરા ગાંધી જેવું પડકારરૂપ નેતૃત્વ આપી શકે, પરંતુ સ્પીકરનું કામ તો શાળાના હેડ માસ્ટર જેવું હોય છે. મહિલાઓને એ શીખવવું થોડું પડે? જો કે ગત લોકસભામાં વિપક્ષે જે ધાંધલ ધમાલ મચાવેલી અને મહિનાઓ સુધી સંસદ ચાલવા જ નહોતી દીધી એવા પ્રસંગો કે એવો ઉગ્ર વિરોધ સોળમી લોકસભામાં ભાગ્યે જ જોવા મળશે. રાક્ષસી બહુ મતીના જોરે વિપક્ષની બોલતી બંધ કરી દેવાના કીમિયાગર વડાપ્રધાન એમનું ધાર્યું કરી શકે એવા સંજોગો છે, એનો વિપક્ષને પણ પૂરો અહેસાસ છે. કોંગ્રેસની સભ્યસંખ્યા ૪૪ના આંકડે અટકી ગઇ છે એટલે એને અધિકૃત વિપક્ષ તરીકેની માન્યતા માટે પણ સ્પીકરની મહેરબાનીની જરૂર પડવાની છે. પ્રોટેમ સ્પીકર તરીકે ચૂંટાયેલા છિંદવાળાના સાંસદ અને યુપીએ સરકારના વગદાર મંત્રી કમલનાથે આ મુદ્દે આગોતરી સ્પષ્ટતા કરી જ દીધી છે. એમણે કહ્યું છે કે ભાજપે ગત લોકસભામાં કરી હતી એવી ધાંધલધમાલ અમે નહીં કરીએ. વિપક્ષ કોંગ્રેસે એના તેના તરીકે કર્ણાટકના દલિત નેતા મલ્લિકાર્જુન ખડગે પર પસંદગી ઉતારી છે. અમૃતસરના સાંસદ અમરિંદર સિંહ સદનના કોંગ્રેસ પક્ષના ઉપનેતા બન્યા છે, જયારે સિંધિયા મુખ્યદંડક તરીકે નિમાયા છે. સોનિયા-રાહુલ હોદ્દાથી ઉફરાં રહી સોળમી લોકસભામાં કેવી કાર્યવાહી કરશે તે તો સમય જ બતાવશે. નરેન્દ્ર મોદીએ અડવાણી કે મુરલી મનોહર જોશી જેવા વરિષ્ઠોને બાજુએ રાખી અધ્યક્ષપદ અડવાણી કે મુરલી મનોહર જોશી જેવા વરિષ્ઠોને બાજુએ રાખી અધ્યક્ષપદ ઓછાંબોલાં મહિલાને આપી પોતાની અનુકૂળતા અને સર્વોચ્ચતા સાચવી લીધી છે. આપણે નવાં સ્પીકર મેડમને શુભકામનાઓ પાઠવીએ.

સોમવારથી પ્રાથમિક શાળામાં નવા શૈક્ષણિક સત્રનો શુભારંભ

રાજ્યની ૩૫૦૦૦ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ : બાળકોમાં જોરદાર ઉત્સાહ

અમદાવાદ, તા.૦૬

આગામી સોમવારથી રાજ્યની ૩૫૦૦૦ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના જાહેર કરાયેલા વર્ષ ૨૦૧૪-૧૫ના વાર્ષિક શૈક્ષણિક કેલેન્ડર પ્રમાણે ચાલુ વર્ષે વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૧ અને ઉની પરીક્ષાઓ તા. ૧૩ ઓક્ટોબર ૨૦૧૪થી લેવાશે.

આ વર્ષે માધ્યમિક શાળાઓમાં દિવાળી વેકેશન તા. ૨૦ ઓક્ટોબરથી પડશે. એટલે કે પ્રથમ શૈક્ષણિક સત્ર કુલ ૧૩૨ દિવસનું રહેશે. નવા શૈક્ષણિક સત્રને શરૂ થવાને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. નવું શિક્ષણ બોર્ડના કાર્યક્રમ મુજબ નવું શૈક્ષણિક સત્ર નવ જૂનથી ૧૯ ઓક્ટોબર સુધીનું રહેશે. એટલે કે પ્રથમ સત્ર વિદ્યાર્થીઓને અભ્યાસ માટે કુલ ૧૩૨ દિવસનો સમય મળશે. મોટાભાગની શાળાઓમાં પ્રાથમિક અને માધ્યમિકના પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે જ્યારે ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશની પ્રક્રિયા અત્યારે ચાલુ છે ત્યારે સોમવારથી શરૂ થતાં શૈક્ષણિક સત્રમાં પ્રથમ દિવસથી શિક્ષણ કાર્ય પણ શરૂ કરી દેવામાં આવશે. બોર્ડના શૈક્ષણિક કેલેન્ડર પ્રમાણે તા. ૨૦ ઓક્ટોબરથી ૯ નવેમ્બર સુધી એટલે કે ૨૧ દિવસનું દિવાળી વેકેશન રહેશે. ત્યારબાદ ત્રીજી સત્ર તા. ૧૦ નવેમ્બરથી તા. ૩ મે ૨૦૧૫ સુધી રહેશે. જ્યારે ઉનાળુ વેકેશન તા. ૪ મે ૨૦૧૫થી તા. ૭ જૂન ૨૦૧૫ સુધીનું રહેશે. આ ઉપરાંત ચાલુ વર્ષે ૧૩ ઓક્ટોબરથી ૧૮ ઓક્ટોબર સુધી સેમેસ્ટર પરીક્ષા લેવાશે, જ્યારે ધોરણ-૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાઓ ૧૨ માર્ચથી ૭ એપ્રિલ ૨૦૧૫ દરમ્યાન લેવામાં આવશે.

મુખ્યમંત્રી આનંદીબેન પટેલની શુભેચ્છારૂપે મળેલી ભેટ સોગાદો અને મીઠાઈ તેમજ ચોકલેટના બોક્ષનું બુધવારે ચરેડી તેમજ જીઈબી સ્થિત આંગણવાડીના બાળકોને વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહીલા મોરચાના પ્રમુખ હીનાબેન ભટ્ટ, મહાનગર ભાજપના પ્રમુખ નીતિન પટેલ, મહામંત્રી કનુભાઈ દેસાઈ, મુકેશ જાની, મીડીયા સેલના જીજ્ઞેશ જોષી ઉપરાંત મહીલા મોરચાની બહેનો ઉપસ્થિત રહી હતી.

એન્જિનીયરીંગ સાથે BSCમાં પ્રવેશ માટે વિકલ્પ પણ મળશે

અમદાવાદ, તા.૦૬

ગુજરાતની કોઈપણ સાયન્સ કોલેજમાં એડમિશન મેળવવા માગતા વિદ્યાર્થી માટે રાજ્યના ઉચ્ચ શિક્ષણ વિભાગે નવી જ સુવિધા ઉપલબ્ધ કરાવી છે. ડિગ્રી એન્જિનીયરીંગની પ્રવેશની સાથે એડમિશન કમીટી ફોર પ્રોફેશનલ કોર્સીસ દ્વારા બીએસસીમાં પણ ઓનલાઈન પ્રવેશ આપવામાં આવશે. એસીપીસીની વેબસાઈટ પર બીએસસીના પ્રવેશ અંગેનો પણ વિકલ્પ આપવામાં આવશે.

ગુજરાતની તમામ યુનિવર્સિટીના સત્તાવાહકોને એસીપીસી સાથે બીએસસીની પ્રવેશ પ્રક્રિયાનું લિંકઅપ કરાવી દેવા ઉચ્ચ શિક્ષણ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી સંગીતા સિંઘે સૂચના આપી છે. આજથી એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસની વેબસાઈટ સાથે બીએસસીમાં પ્રવેશનું લિંકઅપ આપી દીધું છે.

આથી ગુજરાતના કોઈપણ શહેરમાં રહેતા વિદ્યાર્થી રાજ્યની કોઈપણ યુનિવર્સિટી સંલગ્ન સાયન્સ કોલેજમાં એડમિશન મેળવી શકશે. એસીપીસી સાથે જે તે યુનિવર્સિટીની પ્રવેશ પ્રક્રિયાનું લિંકઅપ કરી દેવાથી કોઈપણ યુનિવર્સિટીનો વિદ્યાર્થી એસીપીસીની વેબસાઈટ ખોલશે તો તેમાં બીએસસીના અપાયેલા વિકલ્પમાં ક્લિક કરસે તો તેને કઈ યુનિવર્સિટીની કઈ કોલેજમાં કેવી સુવિધા છે અને પોતાને બીએસસીમાં એડમિશન મળી શકે છે કે કેમ તે અંગેની માહિતી મળી રહેશે. આમ ગુજરાતના કોઈપણ શહેરનો વિદ્યાર્થી પોતાના ઘરે બેઠા એસીપીસીની વેબસાઈટમાં બીએસસીમાં પ્રવેશ પ્રક્રિયા અંગેના મુકાયેલા વિકલ્પ પરથી પ્રવેશ પ્રક્રિયાની તમામ જાણકારી મેળવી શકશે.

જો કે જે યુનિવર્સિટીએ બીએસસીની પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન શરૂ કરી નથી તે યુનિવર્સિટી સંલગ્ન સાયન્સ કોલેજોમાં સુવિધા શું છે અને એડમિશન મળી શકશે કે કેમ તે અંગેની જાણકારી વિદ્યાર્થીઓને નહીં મળે.

સિસિકા ધોરણ-૧૦, ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા.૬

તાજેતરમાં બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ-૧૦, ૧૨ની પરીક્ષામાં શ્રેષ્ઠ પરિણામ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું સિનિયર સિટિઝન કાઉન્સિલ ગાંધીનગર દ્વારા સન્માન કરવામાં આવે છે.

સિનિયર સિટીઝન કાઉન્સિલ ગાંધીનગર દ્વારા કાઉન્સિલના સભ્યોના ધોરણ-૧૦ કે ૧૨માં પરીક્ષા આપનાર બાળકોને જેમણે ૭૫ ટકા થી વધુ ગુણ મેળવ્યા છે તેમનું સન્માન કરાશે. આગામી જુલાઈ માસની બેઠકમાં તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે.

સભ્યોના પૌત્ર-પૌત્રી, દોહિત્ર-દોહિત્રીની માર્કશીટ તા. ૨૫ જૂન સુધી મંત્રી મહેન્દ્રભાઈ શાહને મળી જાય તે રીતે મોકલવા જણાવ્યું છે. વિદ્યાર્થીઓનું સન્માન સૌરાષ્ટ્ર લેઉવા પટેલ વાડી સેકટર-૭ ખાતે કરવામાં આવશે.

જાગૃત પરિષદ દ્વારા વિવિધ પ્રશ્નોની ચર્ચા કરાઈ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની માસિક બેઠક તાજેતરમાં પ્રમુખ લવજીભાઈ વાડિયાના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં શહેરના સિનિયર સિટિજનોને પડતા વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. પરિષદના પદાધિકારીઓએ બેઠક બાદ એસ.બી.આઈ. બ્રાન્ચની મુલાકાત લીધી હતી. જયાં મેનેજરને રૂબરૂમાં જણાવ્યું હતું કે વરિષ્ઠ નાગરિકો માટે અલગ કાઉન્ટરની વયવસ્થા કરવામાં આવે જેથી વડીલોને હાલાકી ભોગવવી ન પડે. બેંકના મેનેજરને એમ પણ જણાવ્યું હતું કે શહેરમાં પરચુરણના અભાવે વેપારીઓ દ્વારા કુપનો બનાવવામાં આવે છે જે બિલકુલ અયોગ્ય છે. ત્યારે શહેરમાં પરચુરણની વ્યવસ્થા કરવા પણ જણાવ્યું હતું.

પેથાપુરમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૬

પેથાપુરમાં મા અંબા મંડળ દ્વારા તા. ૮મી જુનના રવિવારે બપોરે અઢી વાગે ભરતસિંહ ડાભીના બંગલા નં. ૪૧ પ્રતાપનગર સોસાયટીમાં આનંદનો ગરબો રાખવામાં આવેલ છે. ભકતોને લાભ લેવા જણાવાયું છે.

આજે સહયોગ મંડળની બેઠક

ગાંધીનગર, તા. ૬

સહયોગ મંડળ ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા તા. ૭ જૂન શનિવાર સાંજે ૬.૩૦ વાગે સર્કીટહાઉસ ગાંધીનગર ખાતે મળશે. આ સભામાં મંડળના સર્વે સભ્યોએ સમયસર ઉપસ્થિત રહેવુ તેમ ડી.એફ. પરમારે જણાવ્યું છે.

હરિની દૃષ્ટિ...

જો જો મોદીજી દિલ્હી કેટલાય રેકોર્ડ બ્રેક કરીને ગયા ને... અને દિલ્હીમાં તેમની હાજરીમાં ગરમીએ પણ રેકોર્ડ કર્યો...!!

માણસાની નવસર્જન હાઈસ્કૂલનું ધો-૧૦, ૧૨ માં શ્રેષ્ઠ પરિણામ આવ્યુ

ગાંધીનગર, તા. ૬

શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી પરીક્ષામાં ગાંધીનગર જિલ્લાની શાળાઓનું ઉત્કૃષ્ઠ પરિણામ આવ્યું છે. માણસાની નવસર્જન હાઈસ્કૂલ ધોરણ-૧૦ અને ૧૨નું શ્રેષ્ઠ પરિણામ મેળવ્યું છે. માણસાની નવસર્જન હાઈસ્કૂલનું ધોરણ-૧૦નું ૭૨.૭૨ ટકા અને ધોરણ-૧૨નું ૬૩.૮૫ પરિણામ આવ્યું છે. શાળામાં ધોરણઃ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ ઘેરબેઠા પરીક્ષા આપી શકે તે માટે ઓપન સ્કૂલ કેન્દ્ર પણ ચાલે છે. તેમજ માણસાના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે તે માટે સંસ્થા દ્વારા સંકુલમાં ધોરણ-૧ થી ૮ માટે ઉદ્‌ગમ ડે સ્કૂલ પણ ચલાવવામાં આવે છે. ધોરણ-૧૦, ૧૨ નું ઉત્કૃષ્ઠ પરિણામ આપતા શાળાના પ્રમુખ ઈશ્વરસિંહ ચાવડાએ શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા છે.

WEEKEND CREATIONS...

- BHARVI DANI (HILLWOODS SCHOOL, CLASS-VIII)

Political Wave On Children

Hi friends,

I am back with some new and fresh topics to read for you.

This time weather is too... hot and everyone knows that last months were also the hot months of election. The loksabha elections 2014 have made the country politically strong. This year 2014 loksabha elections have made the voters voting capacity increased. The politics has also made a great wave among children. The political wave on children has made everyone interested in politics. The banners, advertisements, posters, social media that

every party did in this loksabha election is very admirable. The slogans that each party came up with were also very catchy like 'Ab Ki Baar Modi Sarkar' was very popular among children. Even in schools there were debates on the elections 2014 and the different parties. Even the child of 1st or 2nd std. knew who was Kejriwal, who was Rahul Gandhi and who was Narendra Modi. The elections are over and the result is declared and we got our new Prime Minister Shri Narendra Modi of BJP. In this elections children came to know the importance of voting which would help in future when this generation will vote for the first time. The first time voters were also very excited and interested in this elections to vote. At last I would conclude that the face of leaders and elections has changed in this year 2014. Sterotype made by people for elections and leaders has also been broken.

રાજ્ય અને ભારત સરકાર યુવાનોના હિત માટે વિચારે

યુવા મંચ

ડૉ. સી. એલ. પટેલ
અધ્યક્ષ, ચારુતર વિદ્યામંડળ

સારાય દેશમાં પરિવર્તન અને વિકાસ માટે તક આપવા ભારતીય જનતા પક્ષે પોતાના ચૂંટણી ઢંઢેરામાં 'સૌનો સાથ, સૌનો વિકાસ'ની ગાથા ગાઈને રાજ્યોમાં અને દેશમાં સત્તાનાં સુકાન સંભાળ્યાં. ગત વર્ષોને યાદ કરીને ભ્રષ્ટાચાર વિનાની વિકાસયાત્રાનાં વચનો અપાયાં. ગત ૬૭ વર્ષને યાદ કરીએ તો છેક શરૂઆતથી કાળું નાળું આ દેશને સતાવતું રહ્યું છે. ડીઆરડીઓના નિવૃત્ત નિયામક (મનોવૈજ્ઞાનિક સંશોધન) ડો.એન.આર.વરાડપાંડેના જણાવ્યા મુજબ કેજીબીના અહેવાલને આધારે ખુદ જવાહરલાલ નેહરુના પણ આવા ૧૨૦૦ કરોડ રૂપિયા પરદેશી બેંકોમાં હોવાનું કહેવાય છે. દેશનાં કાળાં નાણાંનો આ સિલસિલો તો હવે એક પંચવર્ષીય યોજના પૂરી થઈ શકે તેટલાં નાણાં સુધી પહોંચ્યો છે. આવાં નાણાં અહીંથી ખોટી રીતે રળીને પરદેશની બેંકોમાં જમા થયેલાં છે.

આવાં નાણાં અંગે મોટા પાયે રોકકળ થઈ હતી ત્યારે તત્કાલીન પ્રધાનમંત્રી શ્રી મનમોહન સિંહને અમોએ તેમને આવાં નાણાં કઈ રીતે દેશમાં લાવીને તેમનો સદુપયોગ થાય તે માટે સૂચન કર્યું હતું. તેમના વિભાગે આ સૂચનની નોંધ લઈને અમારા સૂચનને નાણાં વિભાગમાં મોકલી આપ્યું હતું. સરકારમાં બેઠેલાઓએ હવે વધુ સમય નહીં લેતાં આવાં નાણાં ત્વરિત પરત આવે તેનો વિચાર કરવાની જરૂર છે. આવાં નાણાંમાંથી ૩૩% ભાગ આવકવેરા તરીકે સરકારની તિજોરીમાં જમા થાય, બાકીનાં ૩૩% નાણાં સરકારી અને પ્રજાકીય વિકાસના પ્રોજેક્ટમાં વપરાય. બીજાં ૩૩ ટકા નાણાં જે કોઈનાં હોય તેમને ધારાધોરણ મુજબ પરદેશી નાણાંનું વ્યાજ એક થી બે ટકા છે તે રીતે તે સત્તાવાર મળતું રહે અને એવાં નાણાં રિઝર્વ બેંકની દેખરેખ નીચે રહે.

હવે ઘણું થયું. કાળાં નાણાં માટે ઘણી રોકકળ થઈ. આંકડાઓ પણ આવી ગયા છે. કેટલી રકમ કાળાં નાણાંરૂપે પરદેશી બેંકોમાં છે તે આંકડાવાર માહિતી સરકાર અને બીજા લોકોએ પણ મેળવી છે ત્યારે આ સરકાર વિદેશી બેંકોમાંનાં કાળાં નાણાં તેની પ્રાથમિકતા સમજીને વધુ વિલંબ વિના પરત લાવે તે આજની માંગ છે.

ભારતીય જનતા પક્ષે ૨૦૧૪ની ચૂંટણીમાં જળહળતો વિજય પ્રાપ્ત કર્યો, તેમાં જો કોઈને શ્રેય અપાય તો તે ૪૦% યુવાવર્ગને અપાય કારણ કે તેમણે શ્રી નરેન્દ્ર મોદીના વચનમાં વિશ્વાસ રાખ્યો છે.

આ જ વર્ગે શ્રી મોદીને દેશના સત્તાસ્થાને બેસાડ્યા છે. આ ૪૦ ટકા વર્ગની જુવાની એળે ના જાય તે માટે ગુજરાત અને ભારતની સરકારે વિચારીને કાયમી ઉકેલ શોધવો પડશે.

આપણે જાણીએ છીએ કે રાજ્યોનો વિકાસ સપ્રમાણ નહીં થતાં આતંકી પ્રવૃત્તિથી છેક ઉત્તર અને ઇશાનનાં રાજ્યોમાં ઉગ્રવાદીઓ(મિલિટન્ટ્સ) પ્રજાની શાંતિ ખોરવે છે. બંગાળ, બિહાર અને ઓરિસ્સામાં માઓવાદીઓ સક્રિય છે. દક્ષિણના આંધ્ર, તેલંગણ અને મહારાષ્ટ્રમાં નક્સલવાદીઓ સક્રિય છે. તમિળનાડુમાં તો તમિળ પ્રજાને શ્રીલંકામાં ઠરીઠામ કરવા અને જેઓ અહીં દેશમાં ઠરીઠામ થવા પરત આવ્યા છે તેઓ યોગ્ય રીતે જીવન જીવી શકે તેવી વ્યવસ્થા ગોઠવવી રહી. છેક આસામ અને પશ્ચિમ બંગાળમાં બાંગલાદેશી અને બ્રહ્મદેશી લોકોએ અહીં કાયમ ઘૂસણખોરી કરીને અશાંત પરિસ્થિતિ ઊભી કરી છે. દેશને લાગે વળગે છે ત્યાં સુધી આદિવાસી વિસ્તારમાં જંગલ પેદાશોથી પોતાનું ગુજરાન ચલાવતા લોકોને જે તે વિસ્તારના હુન્નરોની તાલીમો આપી આજીવિકા મેળવી શકે તેવી વ્યવસ્થા કરવાની રહે. આ દેશ અને રાજ્યોમાં જે સરકારો કાર્યરત છે તેમણે હવે પોતાની જવાબદારી સમજી યુવાનોના ઘડતર અને તેમની આજીવિકા માટે પગલાં લેવાની દિશામાં આગળ વધવું પડશે.

ગુજરાત રાજ્યમાં વિકાસની વાતો ઘણી થઈ. વિકાસ પણ થયો છે પરંતુ ગુજરાતના કેટલા યુવાનોને આ વિકાસમાં ભાગીદાર બનાવાય છે તે રાજ્ય સરકારે વિચારવું પડશે. અત્યારની પરિસ્થિતિમાં પ્રાથમિક શિક્ષણ સરકારની પાયાની જવાબદારી હોવા છતાં પોતાની જવાબદારી ઉપાડવાને બદલે શાળાઓમાં વિદ્યાર્થીની અમુક સંખ્યા ના હોય તો તે શાળાઓ બંધ કરવાનું પગલું વાજબી નથી. જે તે વિસ્તારનો સર્વે કરીને જે શાળાને મંજૂરી અપાઈ છે એવી શાળાઓ બંધ કરવાનો સમય આવે તેમાં સરકારી તંત્રની જ ખામી દેખાય છે. આવી શાળાઓ બંધ ના થાય તે માટે સરકારે તેના તંત્રને સાબદું બનાવવું પડશે.

ગુજરાતમાં ઘણી બધી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ સાથે મહાવિદ્યાલયો સરકાર પોતે ચલાવે છે અને અનુદાન આપીને ટ્રસ્ટો મારફતે પણ ચલાવે છે. આ બધામાં હજારો શિક્ષકો, પ્રાધ્યાપકો-આચાર્યોની ભરતી સમયસર થતી નથી. તેવી જ રીતે બિન-શૈક્ષણિક કાર્ય સાથે સંકળાયેલા હજારોની સંખ્યામાં વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારી કાયમી નોકરીથી વંચિત રહ્યા છે. આ બધું જોતાં સરકારે આપેલાં વચનો જો ખરેખર સાચાં વચનો હોય તો આ બધી જગ્યાઓ નહીં ભરવાને કોઈ કારણ નથી. અહીં માત્ર સરકારશ્રીની નાણાં ફાળવવાની ઉદાસીનતા જ કારણભૂત છે તે ઉદાસીનતા હવે ખંખેરવાની જરૂર છે.

આવી જ રીતે સરકારી તંત્રમાં પણ જુદા જુદા સ્તરે ઘણીબધી જગ્યાઓ ભરાયા વગરની પડી છે. આ બધી જગ્યાઓ ભરવા માટે સરકારે બધી જ ભરતી કેન્દ્રીકૃત થાય તે માટે નિર્ણય લીધો હોય ત્યારે છેલ્લાં બે વર્ષથી આવી જગ્યાઓ ભરવા માટે એક યા બીજા બહાના નીચે ખાલી જગ્યાઓ પર કોઈની પસંદગી થતી નથી અને આવી જગ્યાઓ ખાલી રહે છે. ઘણી વખત તો સરકારમાં બેઠેલા કોઈ ત્રાહિત માણસને માહિતગાર કરીને આવા ભરતી મેળામાં વરોટિયાનું કામ કરાવાય છે. તે અંગે પણ સરકારે વિચારવું પડશે. છેલ્લાં વીસ વ"નો શિક્ષણ સાથેનો મારો અનુભવ છે, તે પરથી કહી શકાય કે યુવાનોના ઘડતર માટે જરૂરી કાળજી લેવાઈ નથી. સરકારીતંત્રની નિ"ક્રીયતાને લીધે કેટલીય સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ અમુક અભ્યાસથી વંચિત રહે છે. આને કારણે યુવા પેઢીને આપણે કાર્યક્ષમ બનાવવામાં ઊણા ઊતરતા હોઈએ તેવું લાગે છે.

રાજ્યની અને દેશની સરકારો માટે હું આશાવાદી છું. ગુજરાતને લાગેવળગે છે ત્યાં સુધી શ્રી નરેન્દ્ર મોદી માટે જે વિશ્વાસ છે તે જ વિશ્વાસ શ્રીમતી આનંદીબહેન પટેલ માટે પણ છે. તેમની સક્રિયતા જ લોકો જે આશા રાખે છે તેને ફળીભૂત બનાવશે. ગુજરાતમાં ભૂતકાળમાં જે કાંઈ બન્યું છે તેમાંથી બોધ લેવો ઘટે. આ દાખલો ટાંકીને હું કોઈ નકારાત્મક વિચારસરણી ધરાવતો નથી પરંતુ થોડીક તાકીદ થાય તે અસ્થાને નહીં ગણાય. યુવાનોને સાચી દોરવણી નહીં અપાય તો તે બીજો માર્ગ પકડે, જે તેમના અને રાજ્ય કે દેશને માટે હિતકર નથી. ગુજરાતમાં ચીમનભાઈ પટેલની સરકાર હતી ત્યારે આવું નવનિર્માણ આંદોલન થયેલું જેમાં યુવાનોના આક્રોશે રાજ્યને વેરવિખેર કરવામાં મોટો ભાગ ભજવ્યો હતો. એટલે સ્તો દરેક રાજ્ય સરકારે પોતાના રાજ્યમાં યુવાનોની ગણતરી કરીને જેઓ ઓછું ભણેલા હોય તેઓને, આઈટીઆઈ - આઈટીસી જેવી સંસ્થાઓ સ્થાપી, કુશળ કારીગર બનાવી યોગ્ય રોજીરોટી રળતા કરવા ઘટે. શિક્ષિત યુવાનોને તેમના અભ્યાસ અને કાર્યકુશળતાના અનુસંધાનમાં યોગ્ય રોજગાર પ્રાપ્ત થાય તેવી સુદૃઢ વ્યવસ્થા થાય તે આજની માંગ છે. યુવાધન દેશના વિકાસમાં હિસ્સો લઈ શકે તે રીતે ઉપયોગમાં આવે તો જ 'સૌનો સાથ, સૌનો વિકાસ'ની વાત સિદ્ધ થાય.